ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

## નીડ કમિટીની કાર્યનોંધ

આજરોજ તા.૦૭-૦૬-૨૦૧૮ને ગુરૂવારના રોજ બપોરના ૧૧-૩૦ કલાકે નીડ કમિટીની એક સભા માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં નીચેના સભ્યો હાજર હતા.

| ક્રમ | નીડ કમિટીના સભ્યો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડો. હિમાંશુભાઈ એ. પંડ્યા, કુલપતિશ્રી | હાજર |
| ૨ | શ્રી મહેશભાઈ કસવાલા | હાજર |
| ૩ | ડો.દિગ્વિજયસિંહ જી. ગોહિલ | હાજર |
| ૪ | ડો. નિરજા અરૂણ | હાજર |
| ૫ | ડો. બળદેવભાઈ વી. પટેલ | હાજર |
| ૬ | શ્રી ધ્રુમીલભાઈ પટેલ | હાજર |
| ૭ | શ્રી પંકજભાઈ આર. શુક્લા | હાજર |

આ સભામાં નીચેના ઠરાવો સર્વાનુમત્તે કરવામાં આવ્યા.

૧. University Grants Commission(Affiliation of Colleges by Universities) Regulations, 2009 તથા University Grants Commission(Affiliation of Colleges by Universities) (1st Amendments) Regulations, 2012ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૨. નવી કોલેજો માટે જોડાણ અરજી પ્રોસેસીંગ ફી(નોન- રીફંડેબલ) રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પૂરા)
૩. સ્થાનિક તપાસ સમિતિની ફી (નોન- રીફંડેબલ) રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)
૪. અરજી ફી(નોન-રીફંડેબલ) રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)રાખવાનું ઠરાવવામાં આવ્યું.
૫. University Grants Commission(Affiliation of Colleges by Universities) Regulations, 2009 તથા University Grants Commission(Affiliation of Colleges by Universities) (1st Amendments) Regulations, 2012ની જોગવાઈ ૩.૨.૨ મુજબ કોર્પસ ફંડ તરીકે રૂા.૧૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પંદર લાખ પૂરા)ની કાયમી ધોરણે ફિક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મુકવાની રહેશે અને તેના આધાર-પૂરાવા રજૂ કરવાના રહેશે. જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૬. શિક્ષણ વિભાગના તા.૨૧-૦૧-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક યજન/૧૦૨૦૦૧-૨૮-ખ.૧ને વંચાણે લઈ નીચે મુજબની ફી તથા ડિપોઝીટ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

a. સંસ્થાએ આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦(અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડ/બેંક બેલેન્સ/ડિપોઝીટ (રાષ્ટ્રીયકૃત બેંકમાં)ના રૂપમાં જમા છે અને તેટલી જ રકમની અન્ય સ્થાયી અસ્કયામતો રૂણમુક્ત છે તે મતલબનું ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

b. દરેક પદવીના અભ્યાસક્રમના વર્ગ દીઠ રૂા.૬,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે, જે પાકતી મુદતે વ્યાજની રકમ સહિત રીન્યુ કરવાની રહેશે.

c. કોલેજ શરૂ કરતા પહેલા સંસ્થા પાસે રૂા.૧૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવા અંગેના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

d. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા માટે અનામત ફંડ તરીકે રૂા.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની ફીક્સ ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી તથા સંસ્થાના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે.

૭. માત્ર બહેનો માટે નવી કોલેજ શરૂ કરવા માંગતી સંસ્થાઓને ઉપરોક્ત ઠરાવ નં.૫,૬(એ) તથા ૬(બી)માં દર્શાવેલ ફીના ધારાધોરણોમાં રાજ્ય સરકારશ્રીના પરામર્શથી ૨૫% છૂટછાટ આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું.

૮. એક જ કેમ્પસમાં એક કે તેથી વધુ ટેકનીકલ/પ્રોફેશનલ કોલેજ ચાલતી હોય તો આવી કોલેજો માટે નિયત કરવામાં આવેલ જમીનને બાદ કરીને University Grants Commission(Affiliation of Colleges by Universities) Regulations, 2009 તથા University Grants Commission(Affiliation of Colleges by Universities) (1st Amendments) Regulations, 2012ની જોગવાઈઓ મુજબની સ્વતંત્ર જમીન તથા બિલ્ડીંગ હોવા જોઈએ તેવું ઠરાવવામાં આવ્યું.

૯. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એક સ્વનિર્ભર સંસ્થાની મંજૂરી મળેલ હોય તો તે સંસ્થાને તે જ જગ્યામાં તેવી જ બીજી કોલેજ શરૂ કરવાની મંજૂરી ન આપવાની ભલામણ કરવામાં આવી.

૧૦. આર્ટ્સ,સાયન્સ,બી.બી.એ.બી.સી.એ. તથા જર્નાલિઝમ વિદ્યાશાખામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ઉપરોક્ત જોગવાઈઓ મુજબની નવી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ કરવા માટે નવી અરજીઓ મંગાવવા માટે જાહેરાત આપવાનું ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવ્યું.

¾H®ÉoÉ0

તા.૦૭-૦૬-૨૦૧૮
સ્થળ : ગુજરાત યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય, અમદાવાદ

(ડો.પી.એમ.પટેલ)
કા.કુલસચિવ